સંક્ષિપ્ત સમાચાર

સુરત જિલ્લા પેન્શનર્સ એસોસિએશન દ્વારા પેન્શનરોની હયાતી પ્રમાણપત્રના કેમ્પનું આયોજન

સુરતઃ સુરત જિલ્લા પેન્શનર્સ એસો.ના પ્રમુખ મનહર લાંપસીવાળાએ એક અખબારી યાદીમાં જણાવ્યું કે સુરતના ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ આઈપીપીબી વિભાગ અને સુરત જિલ્લા પેન્શનર્સ એસો.ના સહયોગથી જિલ્લા ટ્રેઝરીમાંથી પેન્શન મેળવતાં પેન્શનરોનું હયાતી પ્રમાણપત્ર તા. 1-5-2026થી 31-7-2026 સુધીમાં ખરાઈ કરાવવાની હોય છે. જેથી પેન્શનરોને સગવડ મળે તે હેતુથી એક જ દિવસે તેમની ખરાઈ થાય તે માટે કેમ્પનું આયોજન તા.10 મેના રવિવારના રોજ સવારે 10થી 1 દરમિયાન સુરતી મોઢ વણિક વાડી, વૃદ્ધાશ્રમ, જમરૂખ ગલી, સુરત ખાતે હયાતીની ખરાઈ કરાવી શકશે. તો તમામ પેન્શનર્સ અને જિલ્લા પેન્શનર્સના સભ્યોએ આધારકાર્ડ, પેન્શન બુક અને બેંકની પાસબુકની ઝેરોક્સ નકલ સાથે અવશ્ય ઉપરોક્ત સમય સ્થળે અવશ્ય હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

રાજ્યના સિવિલ એન્જિનિયર્સ અને આર્કિટેક્ટ્સના ૩૫ સભ્યોના પ્રતિનિધિ મંડળે ધોલેરાની મુલાકાત લીધી

ધોલેરા : ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટ્સ (GICEA) ના 35 સભ્યોના પ્રતિનિધિમંડળે હાલમાં જ ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન (SIR) ની મુલાકાત લીધી હતી. તેમની આ વિઝીટનો મુખ્ય ઉદ્દેશ્ય અહીં ઝડપથી વિકસતા સ્માર્ટ સિટી વિશે પ્રત્યક્ષ સમજ પ્રાપ્ત કરવાનો અને તેના ઝડપથી વિકસતા ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઇન્ડસ્ટ્રીયલ અને રિયલ એસ્ટેટની તકો અંગે માહિતી મેળવવાનો હતો. આ મુલાકાત દરમિયાન, પ્રતિનિધિમંડળે ધોલેરાના વહીવટી કેન્દ્ર, ABCD બિલ્ડીંગની મુલાકાત લીધી હતી. અહીં તેમણે સિટીના માસ્ટર પ્લાનિંગ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર રોડમેપ અને ટેક્નોલોજીકલ ફ્રેમવર્કને સમજવા માટે ICT વિભાગ અને ધોલેરા એક્સપિરિયન્સ સેન્ટરની વિઝીટ લીધી હતી. આ પ્રતિનિધિમંડળે પશ્ચિમ ભારતના સૌથી ઝડપથી વિકસતા ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સમાંના એક અને ધોલેરાના એક્ટિવેશન ઝોનમાં પ્રારંભિક મૂવિંગ કરનાર GAP ગ્રુપના હેડક્વાર્ટરની પણ મુલાકાત લીધી હતી. અહીં સભ્યોને પ્રદેશમાં પ્રારંભિક વિકાસ અને તેના કાર્યરત પ્રોજેક્ટ્સને આકાર આપવામાં કંપનીની ભૂમિકા વિશે પણ મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

ગુજરાતી સિનેમામાં 'વાંકી ચૂકી લવ સ્ટોરી'નો જાદુ, ટ્રેલરને પ્રતિસાદ

અમદાવાદઃ ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ફરી એકવાર રોમેન્ટિક એન્ટરટેનમેન્ટનો નવો દોર શરૂ થવા જઈ રહ્યો છે. જાણીતા દિગ્દર્શક ધ્વનિ ગૌતમની બહુપ્રતિક્ષિત ફિલ્મ **'વાંકી ચૂકી લવ સ્ટોરી'**નું ઓફિશિયલ ટ્રેલર રિલીઝ થતાની સાથે જ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યું છે. પ્રેમ, લાગણીઓ અને સંબંધોના ગૂંચવાડાને દર્શાવતી આ ફિલ્મ 8 મે 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મની વાર્તા આજના યુવાનોના જીવન અને તેમના પ્રેમ સંબંધો પર આધારિત છે. ફિલ્મ એક એવા યુવકની સફર છે જે પોતાના ભૂતકાળને ભૂલીને નવી શરૂઆત કરવા માંગે છે, પરંતુ અચાનક ભૂતપૂર્વ પ્રેમિકાનું પુનરાગમન જીવનમાં કેવી 'વાંકી ચૂકી' પરિસ્થિતિઓ સર્જે છે, તે આ ફિલ્મનું મુખ્ય આકર્ષણ છે.

તુર્કીમાં ઇન્ટરનેશનલ ટેનિસ ટુર્નામેન્ટમાં સુરતનો હાતિમ મોઢ બીજા ક્રમે

સુરતઃ ભારતીય ટેનિસ ખેલાડી હાતિમ મોઢે તુર્કીના ઇસ્તંબુલમાં આયોજિત ટેનિસ ટુર્નામેન્ટસમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને અને ટોચના ખેલાડીઓ સામે ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે બીજું સ્થાન મેળવ્યું. તેની સિદ્ધિ રાષ્ટ્ર માટે ગૌરવ સમાન છે. પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ઇવેન્ટમાં રનર-અપ ફિનિશિંગ મોઢની કારકિર્દીમાં એક મહત્વપૂર્ણ સીમાચિન્હરૂપ છે. તેના સમર્પણ, સખત મહેનત, શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સફળતા સાથે, હાતિમ મોઢ આંતરરાષ્ટ્રીય ટેનિસમાં એક આશાસ્પદ પ્રતિભા તરીકે પોતાને સ્થાપિત કરવાનું ચાલુ રાખે છે, અને ઇસ્તંબુલમાં તેમના પ્રદર્શનથી આંતરરાષ્ટ્રીય સર્કિટ પર આગામી ટુર્નામેન્ટ માટે તેમનો આત્મવિશ્વાસ વધશે તેવી અપેક્ષા છે.

દેશમાં ખાતરની આયાત ઘટાડવા સાથે સ્વનિર્ભર બનવા વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં સેમિનાર યોજાયો

સુરત, તા.૭

સુરત ખાતે ઓરો યુનિવર્સિટીમાં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ -દક્ષિણ ગુજરાત પ્રદેશ અંતર્ગત ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિ. (GNFC) અને ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિ. (GSFC) દ્વારા સંયુક્ત રીતે "રા-ખાતર ક્ષેત્રમાં આયાત પર નિર્ભરતા ઘટાડીને આત્મનિર્ભરતા હાંસલ કરવા માટેની વ્યૂહરચનાઓ" વિષય પર પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પેનલમાં ડૉ. એસ. કે. ચૌધરી (ડિરેક્ટર જનરલ, ફર્ટિલાઈઝર એસોસિએશન ઓફ ઈન્ડિયા), યોગેન્દ્ર કુમાર (માર્કેટિંગ ડિરેક્ટર, IFFCO), ડૉ. મનીષ દાસ, વિપુલ ગર્ગ, ડૉ. વી. પી. ચોવટિયા અને ડૉ. એચ. કે. શુક્લા સહિતના નિષ્ણાતોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સત્રનું સંચાલન ડૉ. એસ. કે. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ સહિતના વિભાગોના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ તથા રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી હતી. તેમણે ખાતર ક્ષેત્રમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે સરકારના ટૂંકા, મધ્યમ અને દીર્ઘકાલીન અભિગમ પર પ્રકાશ પાડ્યો હતો.

સેમિનારમાં જેમાં કૃષિ પ્રોફેસરો, વૈજ્ઞાનિકો, સંશોધકો, અગ્રણી ખાતર કંપનીઓ જેવીકે કૃભકો, ઇફ્કો, જીએનએફસી, એનએફએલ, જીએસએફસી અને તેના અધિકારીઓ, કૃષિ સલાહકારો, સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, સરકારી અધિકારીઓ, પ્રગતિશીલ ખેડૂતો અને વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. ખાતર ક્ષેત્રમાં આયાત પર નિર્ભરતા ઘટાડવાની જરૂરિયાત, સ્થાનિક ઉત્પાદન ક્ષમતા વધારવા, નીતિ આધાર, નવી ટેક્નોલોજી (નેનો ખાતર), બાયો-ફર્ટિલાઈઝર્સ, સસ્ટેનેબલ ખેતી, સોઈલ હેલ્થ કાર્ડ આધારિત ખાતર ઉપયોગ, તેમજ ઓર્ગેનિક અને નેચરલ ફાર્મિંગ જેવા મુદ્દાઓ પર વિસ્તૃત વિચારવિમર્શ થયો હતો.

સેમિનારમાં ૧૬૦ જેટલા નિષ્ણાંત કૃષિ પ્રોફેસરો, સંશોધકો, વૈજ્ઞાનિકો, ખાતર ઉત્પાદક કંપની કૃભકો, ઇફ્કો, જેવી સંસ્થાઓ વિચારો સુચનો રજૂ કર્યા

સુરત વેસુના રાજસ્થાની યુવકને સગાઈ તોડી નાંખવા ધમકી અને ૨૦ લાખની ખંડણી અંગે છ સામે ફરિયાદ

સુરત, તા.૭

રાજસ્થાનમાં રહેતી યુવતી સાથે સગાઈ કરનાર સુરતના વેસુ વિસ્તારમાં રહેતા વેપારીને સોશિયલ મિડિયાના માધ્યમથી સગાઈ તોડી નાખવા માટે ધમકી આપ્યા બાદ ફોટો વાયરલ કરી દેવાની ધમકી આપી રૂ.20 લાખની ખંડણી માંગનાર છ જણા વિરૂદ્ધ અલથાણ પોલીસમાં ગુનો નોંધાયો છે. ટોળકીએ રૂ.5 લાખ લઈ લીધા બાદ પણ યુવતીનો ફોટો યુવકના કાકાનો મોકલીને સગાઈ તોડી નાખવા માટે ધમકી આપી હતી.

બનાવની પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ વેસુ સેલેસ્ટીયલ ડ્રીમ એપાર્ટમેન્ટમાં રહેતા સાહિલ દિલીપભાઈ મંડોત કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા છે. 4 માર્ચના રોજ રાજસ્થાનમાં રહેતી યુવતી સાથે સમાજના રીત રીવાજ પ્રમાણે તેની સગાઈ થઈ હતી. જ્યારે તે જ રાત્રે આશરે સાડા સાતેક વાગ્યાના અરસામાં સાહિલના મોબાઈલ પર ઈન્સ્ટ્રાગ્રામ આઈડી પરથી દર્શન પોરવાલ (રહે, રાજહંસ સિમ્ફોનિયા આભવા)નો મારે વાત કરવી છે એવો મેસેજ આવ્યો હતો. બાદમાં દર્શને કોલ કરીને તુને સગાઈ ક્યો કી તુ હમે પહેચાનતા નહીં હૈ, હમ કૌન હૈ, તુ સગાઈ તોડ દે વરના તુ ઔર તેરા પરિવાર જીન્દા નહીં રહેગા એવી ધમકી આપી હતી. ત્યારબાદ બીજા દિવસે સાહિલના મોબાઈલ પર નમન નરપતરાજ લુકર નામના વ્યક્તિનો કોલ આવ્યો હતો. તેણે યુવતીના અંગત ફોટો તેની પાસે છે જો વાયરલ ન કરવા હોય તો મારા દોસ્ત દર્શન પોરવાલને 20 લાખ રૂપિયા આપી દેવા માટે કહ્યું હતું. જોકે, ગભરાઈ ગયેલા સાહિલે ફોન કટ કરી દીધો હતો. ત્યારબાદ નમનનો ફરી કોલ આવ્યો હતો અને સાહિલને દર્શન તારા ઘર પાસે આવે છે તેને રુપિયા આપી દેવા માટે કહ્યું હતું. જેથી ગભરાઈ ગયેલા સાહિલે પોતના મિત્ર પાસેથી રૂપિયા લઈને ત્યારે રૂ.5 લાખ દર્શનને આપી દીધા હતા અને બાકીના રુપિયા થોડા દિવસમાં આપી દેશે એવું જણાવ્યું હતું. ત્યારે દર્શને બાકીના રુપિયા જલ્દી આપી દેજે નહીં તો તારા પરિવારને છોડશુ નહીં ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ચાલી ગયો હતો.

ત્યારબાદ તા.6 માર્ચના રોજ નમને જેની સાથે સગાઈ થઈ હતી તે યુવતી સાથેના તેના ફોટો સાહિલના કાકાને મોકલી આપ્યા હતા. બાદમાં તા.24 એપ્રિલના રોજ નમને યુવતીના નામની ઈસ્ટ્રાગ્રામ પર આઈડી બનાવી તેના પર નમન યુવતીને પ્રેમ કરે છે. લગ્ન કેન્સલ ન કરશો તો વધુ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી હતી. આખરે સાહિલે અલથાણ પોલીસમાં દર્શન, નમન, નિલાંગ સહિત છ જણા સામે ફરિયાદ નોંધાવતો પાલીસે ખંડણીનો ગુનો નોંધી તપાસ આદરી છે.

સેલેસ્ટીય ડ્રિમ એપા.માં રહેતા સાહિલ મંડોતના રાજસ્થાનમાં રહેતી યુવતી સાથે કરવામાં આવેલી સગાઈ સામે કેટલાકનો વિરોધ અને યુવતી સાથેના ફોટા પણ જાહેર કર્યા હતા

સુરતમાં વીજ કરંટના બે બનાવમાં એક વર્ષિય માસૂમ બાળકી સહિત બેના મોત

સુરતઃ સુરત શહેરમાં બે અલગ-અલગ વીજ કરંટના બનાવો બન્યા હતા.જેમાં વેસુ ખાતે 1 વર્ષીય માસુમ બાળકીએ ઉદરે કાપી નાખેલા વીજ વાયરને પકડી લેતા તેણીનું કરંટ લાગવાથી મોત થયું હતું. જ્યારે અમરોલીમાં કપડા સુકવતી વખતે કરંટ લાગતા શ્રમિકનું મોત નિપજ્યું હતું. વેસુ સંગીની સર્કલ પાસે ખાનગી યુનિવર્સિટીની બાજુમાં ઝૂંપડામાં રહેતા બિહારના શ્રમિક પપ્પુ સહાનીની એક વર્ષની પુત્રી દ્રષ્ટિ હતી. બુધવારે સાંજે ઘરમાં ઉદરે કાપી નાખેલા વીજ વાયરને બાળકી દ્રષ્ટિએ પકડી લેતા તેણીને કરંટ લાગ્યો હતો. નવી સિવિલ હોસ્પિટલમાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. આ ઘટનાને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. બીજા બનાવમાં અમરોલી-છાપરાભાઠા રોડ પર આવેલી મધુવન સોસાયટીમાં રહેતા અને કડિયા કામ કરતા મનજી જેઠા ડોડીયા (૪૦ વર્ષ) બુધવારે રાત્રે ઘરે કપડાં સૂકવી રહ્યા હતા. તે વખતે અચાનક તેમનો શરીર ઈલેક્ટ્રિક વાયરને અડકી જતાં તેમને કરંટ લાગ્યો હતો. સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા બાદ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

યુઝ્ડ કાર લે-વેચ માટે જાણીતા કારબઝારની દેશવ્યાપી વિસ્તરણની મહત્વકાંક્ષી યોજના

અમદાવાદઃ યુઝ્ડ કાર લે-વેચ માટે ભારતમાં સૌથી વિશ્વસનીય અને ઝડપથી વિકસતી કંપની પૈકી એક, કાર બઝાર પ્રાઇવેટ લિમિટેડે પારદર્શિતા, પ્રોફેશનલ સર્વિસ, ગ્રાહકોની સુવિધા,અને ફ્રેન્ચાઇઝી સંચાલિત વિકાસની રચનાઓ સાથે નવા બેંચમાર્ક સ્થાપિત કર્યા છે. કંપનીએ એક એવા સફળ મોડેલની રચના કરી છે જેમાં ખરીદનારને સંપૂર્ણ સંતોષ મળે અને વેચનારને સમયસર સંતોષકારક કિંમત મળે. કંપનીના એમડી ભાવેશ ઉપાધ્યાય, સીઇઓ રાજ ઉપાધ્યાય અને જયપાલસિંહ સાવરીયાના મુજબ કારબઝારે અંદાજે-50 કરોડનું વેલ્યુએશન હાંસલ કર્યું છે અને આગામી એક વર્ષમાં 500 કરોડના વેલ્યુએશનનું લક્ષ્યાંક છે. ગ્રાહકોની સુવિધા માટે ઇનહાઉસ નિષ્ણાતોની નિમણૂક કરી છે જે ખરીદનાર અને વેચનારને યોગ્ય નિર્ણય કરવા સહયોગ કરે છે કારણ કે દરેક કારમાં 140 થી વધુ પોઇન્ટ ઇન્સ્પેક્શન પ્રોસેસ હાથ ધરવામાં આવે છે,જેથી સંપૂર્ણ પારદર્શિતા સ્પષ્ટ બને છે.

IIT મુંબઈમાં 'ગ્રીનમેન' વિરલ દેસાઈ દ્વારા તૈયાર થયેલા 'શહીદ સ્મૃતિવન' પરનું સંશોધન રજૂ થયું

આઈઆઈટી બોમ્બે (IIT Bombay) ખાતે ૧૩-૧૪ માર્ચ, ૨૦૨૬ દરમિયાન યોજાયેલી 'નેશનલ એન્વાયરમેન્ટલ કોન્ફરન્સ'માં સુરતના જાણીતા પર્યાવરણવિદ વિરલ દેસાઈ દ્વારા તૈયાર કરવામાં આવેલા ઉધનાના 'શહીદ સ્મૃતિવન' પરનું એક વિશેષ સંશોધન રજૂ કરવામાં આવ્યું હતું. NEERI, CPCB અને દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાતોની હાજરીમાં રજૂ થયેલા આ રિસર્ચ પેપરે અર્બન ફોરેસ્ટ દ્વારા વાયુ પ્રદૂષણ નિયંત્રણમાં થતા ફાયદાઓને વૈજ્ઞાનિક રીતે સાબિત કર્યા છે.

Mount Litera Zee School Suratના ધોરણ 11 અને 12 ના વિદ્યાર્થીઓએ તા. 1 મે 2026 ના રોજ અદાણી પોર્ટ, હજીરા ખાતે શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ પોર્ટ ઓપરેશન્સ, લોજિસ્ટિક્સ અને ઔદ્યોગિક માળખાની વ્યવહારિક સમજ મેળવી। તેમણે કાર્ગો હેન્ડલિંગ, મોટા જહાજોની કામગીરી અને આધુનિક ટેક્નોલોજીનો નજીકથી અનુભવ કર્યો, જે તેમની શૈક્ષણિક સમજણને વધુ મજબૂત બનાવે છે.

વાંસદાની શ્રેયસ વિદ્યાલય વાઘાબારીનું ધો.10નું 92 ટકા અને 12નું 94.73 ટકા પરિણામ

સુરતઃ વાંસદા તાલુકાની નૂતન આદિવાસી કેળવણી મંડળ સંચાલિત શ્રેયસ વિદ્યાલય વાઘાબારીનું ધોરણ -10નું 92.00 ટકા પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે વિરલ ખાલપાભાઈ કરૂદિયા 83.83 ટકા (A2 ગ્રેડ) બીજા ક્રમે, અમિત આશિષભાઈ પવાર 82.50 ટકા (A2 ગ્રેડ)અને ત્રીજા ક્રમે જીયાકુમારી અશ્વિનભાઈ પટેલ 82.33 ટકા (A2 ગ્રેડ) સાથે ઉતીર્ણ થયા હતા.તેમજ ધોરણ -12 સામાન્ય પ્રવાહનું 94.73 ટકા પરિણામ આવ્યું હતું જેમાં પ્રથમ મિકીતાકુમારી રાજેશભાઈ પટેલ 86.85 ટકા બીજાક્રમે હારૂનભાઈ આશિષભાઈ પવાર 76.28 ટકા અને ત્રીજા ક્રમે જોન્સનભાઈ સિતારામભાઈ મોકાશી 75.28 ટકા સાથે ઉતીર્ણ થયા હતા. તમામ વિદ્યાથીઓને મંડળના પ્રમુખ નટુ પટેલ, મંત્રી મગન પટેલ , ટ્રસ્ટીઓ અને શાળાના આચાર્ય જીતેશ આહિર તેમજ શિક્ષક મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

સાદડવેલની જમનાબા વી.ડી. પટેલ વિદ્યાલયનો બોર્ડના પરિણામમાં ઉત્કૃષ્ઠ દેખાવ

સુરતઃ એચ.એસ.સી (સામાન્ય પ્રવાહ) બોર્ડ પરીક્ષા 2026 શાળાનું 93.33% આવ્યુ હતુ. જેમાં આયુષ અમૃતભાઈ પટેલ 76.43%, રાધિકા સુખાભાઈ પટેલ 76.14% અને મિતાલી ગિરીશભાઈ આહીરે 72% હાંસલ કર્યા હતા. જ્યારે એસ.એસ.સીમાં શાળાનું 85.07% પરિણામ આવ્યું હતુ. જેમાં જિલકુમાર ચંદ્રકાંતભાઈ ગરાસિયા 93% PR 97.83 ગ્રેડ A1, યાંદની વિજયભાઈ પટેલ 92.00% PR 97.08 ગ્રેડ A1, પ્રતિક્ષા સંજયભાઈ પાડવી 90.33% PR 95.58 ગ્રેડ A1, સંજના મુકેશભાઈ પટેલ 90.17% PR 95.42 ગ્રેડ A1 અનેતનુજ કમલેશભાઈ પટેલ 89.5% PR 94.78 ગ્રેડ A2 મેળવ્યો હતો. મંડળના પ્રમુખ રમેશ વી પટેલ, ઉપપ્રમુખ જયંતી બી પટેલ, મંત્રી મહેન્દ્ર કે પરમાર તેમજ મંડળ પરિવાર દ્વારા શાળાના આચાર્ય વિજયકુમાર સી. પટેલ અને શાળાના શિક્ષકોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

કામરેજ ખોલવડની નવનીધિ સ્કુલના ૧૬ વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ મેળવ્યો

સુરતઃ સુરતના કામરેજના ખોલવડ વિસ્તારમાં આવેલી નવનીધિ ઈન્ટરનેશનલ સ્કૂલના ધોરણ 10ના પરિણામ વિદ્યાર્થીઓએ ડંકો વગાડ્યો હતો. સ્કૂલના 150 વિદ્યાર્થીઓમાંથી 16 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે 51 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવી ઉત્તમ પ્રદર્શન કર્યું છે. વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પરિણામને બિરદાવતા શાળા મેનેજમેન્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સ્કોલરશીપની જાહેરાત કરવામાં આવી છે.

મુસ્લિમ પટેલ સમાજનું ગૌરવ

સુરતની લુર્ડઝ કોન્વેન્ટ હાઇસ્કુલની વિદ્યાર્થીની અમરીન અલ્તાફ પટેલે ધોરણ-12ની ઉચ્ચતર માધ્યમિક બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ 99.08 પર્સેન્ટાઇલ સાથે 91.57 ટકા મેળવી શાળા તેમજ સમગ્ર પટેલ સમાજનું ગૌરવ વધાર્યું છે. પરિવારજનો, શિક્ષકો અને સમાજના આગેવાનો દ્વારા અમરીનને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. તેની આ સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.

વોલમાર્ટના ગ્રોથ સમિટ જેમાં તેઓ ભારતીય બિઝનેસીસને વૈશ્વિક સ્તરે વિસ્તરણની તક આપશે

નવી દિલ્હીઃ વોલમાર્ટે આજે ભારતમાં નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વોલમાર્ટ ગ્રોથ સમિટની બીજી આવૃતિ-ઇન્ડિયા 2026નું કર્યું છે. આ ઇવેન્ટમાં નિકાસ માટે તૈયાર બિઝનેસીસ, એમએસએમઇસ, ડિજિટલ ફર્સ્ટ બ્રાન્ડ્સ, ડીટુસી વિક્રેતા અને સપ્લાઈ ચેન સહયોગીઓને સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય માર્કેટમાં વિકાસની તકને જોવાની તક આપે છે.

1990થી વોલમાર્ટ એ દેશભરમાં એક ઊંડાણપૂર્વકના સપ્લાયર સહયોગી ઉભા કર્યા છે, જેના દ્વારા લાંબાગાળાની નિકાસની ક્ષમતાને વિકસવામાં મદદ મળે છે અને દેશને એક મુખ્ય વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભું કરવામાં યોગદાન આપ્યું છે. ભારતમાંથી અત્યાર સુધીમાં 40 બિલિયન ડોલરથી વધુ મૂલ્યના માલની ખરીદીને આધારે, સમિટમાં વોલમાર્ટની ભારતની નિકાસ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવાની અને વધુ વ્યવસાયોને વૈશ્વિક બજારોમાં પહોંચવા સક્ષમ બનાવવાની સતત પ્રતિબદ્ધતાને હાઈલાઈટ કરવામાં આવી છે.

સુરત શહેરના કચરાના નિકાલનો ઈજારો લેવામાં કોઈને રસ નથી, માત્ર એક વર્ષની મુદ્દત માટે નવુ ટેન્ડર જાહેર

સુરત, તા. ૭

ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર ઘન કચરાના વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલની કામગીરી સંભાળતી સીડી ટ્રાન્સપોર્ટ એજન્સીની લાપરવાહી વચ્ચે મનપાને મજબૂરીવશ તેનો કોન્ટ્રાક્ટ વધુ ૧૦ માસ માટે લંબાવવો પડ્યો હતો.

આ દરમિયાન, હાલની એજન્સી પર નિયંત્રણ રહે તેમજ નવી એજન્સીઓ સ્પર્ધામાં ભાગ લે તે હેતુસર સ્થાયી સમિતિએ ત્રણ વર્ષની અવધિમાં ૩૦ લાખ મેટ્રિક ટન ઘન કચરાના નિકાલ માટે નવા ટેન્ડર બહાર પાડવાની મંજૂરી આપી હતી. આ કામગીરી માટે અંદાજિત ૨૭૭ કરોડના ખર્ચને પણ તાત્કાલિક મંજુરી અપાઈ હતી. જોકે, વિભાગ દ્વારા સ્થાયી સમિતિની મંજૂરીને આધીન હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રિયાને કોઈ પ્રતિસાદ મળ્યો નહોતો. કોઈપણ એજન્સીએ રસ દાખવ્યો ન હોવાથી આખરે ટેન્ડર દફતરે કરવા પડ્યા હતા. હવે ફરી તંત્ર દ્વારા માત્ર ૭.૫૦ લાખ મેટ્રિક ટન ઘન કચરાના નિકાલ માટે એક વર્ષની મુદ્દતનો નવો કોન્ટ્રાક્ટ આપવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, સીડી ટ્રાન્સપોર્ટનો કરાર ૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયો હતો. અન્ય કોઈ વિકલ્પ ઉપલબ્ધ ન હોવાથી સ્થાયી સમિતિએ આ એજન્સીને વધુ ૧૦ માસ માટે કામગીરી ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. સાથે જ ખજોદ ખાતે આગામી ત્રણ વર્ષ દરમિયાન ૩૦ લાખ મેટ્રિક ટન ઘન કચરાના નિકાલ માટે નવી કોન્ટ્રાક્ટ પ્રક્રિયા શરૂ કરવાની વહીવટી મંજૂરી પણ અપાઈ હતી. જોકે, આ મામલે હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રિયામાં કોઈ એજન્સીએ રસ દાખવ્યો ન હોવાથી તે દફતરે કરાઈ હતી. હવે આશરે ૭૦ કરોડના ખર્ચે એક વર્ષમાં ૭.૫૦ લાખ મેટ્રિક ટન ઘન કચરાના નિકાલ માટે કોન્ટ્રાક્ટ સોંપવા નવા ટેન્ડર જાહેર કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, આગામી નવેમ્બર સુધી સીડી ટ્રાન્સપોર્ટને શરતી ધોરણે કોન્ટ્રાક્ટની મુદતમાં વધારો આપવામાં આવ્યો છે. આ દરમિયાન તંત્ર દ્વારા પ્લાન-બી હેઠળ, જો હાલની એજન્સી ફરી નિષ્ફળ જાય તો અન્ય એજન્સીને સ્ટેન્ડબાય રાખીને કામગીરી ચાલુ રાખવાની વ્યવસ્થા ગોઠવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

વર્તમાન ઈજારદાર સીડી ટ્રાન્સપોર્ટનો કોન્ટ્રાક્ટ ગત પાંચમી જાન્યુઆરીએ પુરો થઈ ગયો હતો પરંતુ ૧૦ માસ લંબાવવો પડ્યો હતો

ટીવીએસએ નવી iQube S 4.7 kWh વેરિઅન્ટ લોન્ચ કરી

સુરત:ટુ-વ્હીલર સેગમેન્ટમાં અગ્રણી ટીવીએસ મોટર કંપની (ટીવીએસએમ) એ આજે ટીવીએસ iQubeS 4.7 kWh લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે ભારતના સૌથી પસંદગીના ફેમિલી ઈલેક્ટ્રિક વાહન (ઈવી) માં નવો ઉમેરો છે. ટીવીએસ iQubeS 4.7 kWhની કિંમત રૂ. 1,37,142 (દિલ્હી એક્સ-શોરૂમ મુજબની અસરકારક કિંમત, કેન્દ્ર અને રાજ્યની સબસિડી સહિત) છે અને તે આઈડીસી પ્રમાણિત 175 કિમીની રેન્જ આપે છે. આ નવા મોડલમાં મોટી બેટરી આપવામાં આવી છે. બે નવા કલર વિકલ્પો મેગ્નિફિસન્સ પર્પલ બેઝ અને હાર્લેક્વિન બ્લુ બેઝ સાથે ટાઈટેનિયમ ગ્રે મેટ પણ ઉપલબ્ધ છે. હાલમાં, ટીવીએસ iQube ઈલેક્ટ્રિક સ્કૂટર્સ ભારતના 1,000થી વધુ શહેરોમાં અને 3,300થી વધુ ડીલરશીપ્સ પર ઉપલબ્ધ છે.

નીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ
(અગાઉ એડેલવેઈઝ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ તરીકે જાણીતી) (નીડો),રજિસ્ટર્ડ ઓફિસ : ટાવર 3, પાંચમા માળે, વિંગ-બી, કોહિનૂર સીટી મોલ, કોહિનૂર સીટી, કિરોલી રોડ, કુર્લા (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૭૦
રિજિયોનલ ઓફિસ : ઓફિસ નં.૩૦૧,૩૦૨,૩૦૩,૩૦૪ ત્રીજા માળે,વર્ડ આય વિઝન બિલ્ડીંગ,આઈઆઈએમ -પાંજરાપોળ રોડ અમદાવાદ-૩૮૦૦૧૫

સરફાયેસી એક્ટ,૨૦૦૨ ના નિયમ ૮(૧) અંતર્ગત કબજા નોટીસ

આથી નીચે સહી કરનાર **નીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉની એડેલવીસ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ)**ના અધિકૃત અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (બીજા) વટહુકમ,૨૦૦૨ (૨૦૦૨ના ઓ